# હિલ સ્ટેશન માઉન્ટઆબુમાં ઉજવાશે શરદ મહોત્સવ

**પર્યટન વિભાગ દ્વારા કરાયું આયોજન થર્ટી ફર્સ્ટ ઉજવવા જતા સહેલાણીઓને મળશે અનેરો આનંદ !**

અંબાજી, તા. ૨૩

આ વર્ષે માઉન્ટઆબુમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત સાઈકલ રેસ અને હેરી ટેસ વોકનું આયોજન કરાયું છે.



પર્યટક સ્થળ માઉન્ટઆબુમાં પર્યટન વિભાગ તેમજ સ્થાનિક તંત્ર દ્વારા શરદ મહોત્સવનું આયોજન દર વર્ષે ત્રણ દિવસનું કરવામાં આવે છે પરંતુ આ વર્ષે પર્યટકોના લાભ માટે મહોત્સવનું આયોજન બે દિવસ વધારી પાંચ દિવસનું કરાયું છે જેથી થર્ટી ફસ્ટ પર જતાં સહેલાણીઓને તેનો લાભ મળી શકે.

રાજસ્થાનના એક માત્ર પર્વતીય પર્યટક સ્થળ અને બનાસકાંઠાને અડીને આવેલા માઉન્ટઆબુમાં પર્યટકોને આકર્ષવા માટે અવારનવાર પર્યટન વિભાગ તેમજ સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા કાર્યક્રમો કરવામાં આવે છે. જેમાં વર્ષના છેલ્લા દિવસોમાં શરદ મહોત્સવ તરીકે વર્ષોથી ત્રિદિવસીય કાર્યક્રમો યોજવામાં આવે છે પરંતુ આ વર્ષથી પર્યટકોના લાભ માટે આયોજનમાં વધારો કરી પાંચ દિવસ કરાયા છે તેમ સ્થાનિક વહીવટી તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

વર્ષનો છેલ્લા દિવસ એટલે થર્ટી ફસ્ટ આ દિવસ લોકો વિવિધ રીતે ઉજવે છે અને વર્ષના છેલ્લા દિવસને અલવિદા સાથે નવા વર્ષને આવકારે છે. ત્યારે મોટા ભાગના સહેલાણીઓ આ પર્વને હર્ષોઉલ્લાસ સાથે ઉજવવા માટે માઉન્ટઆબુ તરફ ડોટ મૂકે છે અને પર્યટકોને તમામ સવલત સહિત કઈ પણ તકલીફ ન પડે તે માટે તંત્ર દ્વારા આગોતરું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે માઉન્ટઆબુમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત સાઈકલ રેસ અને હેરી ટેસ વોકનું આયોજન કરાયું છે જેમાં વિજેતા થયેલા સભ્યને તંત્ર દ્વારા ૨૬મી જાન્યુઆરીના દિવસે સન્માનિત કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે માઉન્ટઆબુમાં યોજાનાર શરદ મહોત્સવમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી પર્યટકોને આવકારવામાં આવશે.

# ભિલોડા-શામળાજી વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ સર્જાતા ખેડુતો, પશુપાલકો ચિંતિત

**વાદળવાયું વાતાવરણ વચ્ચે ઠંડીનો પારો હજુ ગગડશે તેવી સંભાવના : ખુલ્લામાં ખેત પેદાશો રાખતા ખેડુતો, વેપારીઓમાં ભયની લાગણી ઉદ્‌ભવી**



ભિલોડા,તા.૨૩

વહેલી સવારથી આકાશમાં વાદળોની ઘેરાબંધી અને શીતલહેર સાથે તેજ ગતિએ પવન ફુંકાતા સવાર-સાંજ ઠંડીના પ્રમાણમાં એકાએક વધારો જોવા મળી રહ્યો છે.કમોસમી વરસાદ આવે તો ખેડુતો પાયમાલ થઈ જશે તેવી સંભાવના સેવાઈ રહી છે. કુદરતએ વારંવાર કરવટ બદલતા ખેતીના વિવિધ પાકોને નુકશાન થવાનો ભય ખેડુતોને સતત સતાવી રહ્યો છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા અને શામળાજી વિસ્તારમાં વહેલી સવારથી જ વાતાવરણમાં એકાએક પલટો આવતા વાદળછાયું વાતાવરણ સર્જાતા ખેડુતો અને પશુપાલકો ચિંતિત થઈ રહ્યા છે. ઘઉં, કપાસ, મકાઈ, વરીયાળી, બટાકા, જીરૂ, તુવેર, શાકભાજી, કઠોળ સહિત વિવિધ પ્રકારના પાકો પર ખતરો હોવાની સંભાવના સેવાઈ રહી છે. ખેડુતોના માથે હવે સંકટના વાદળો છવાઈ રહ્યા છે ત્યારે ખેડુતો અને પશુપાલકો ચિંતાતુર બની રહ્યા છે. આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાતા હોઈ ખેડુતોના જીવ તો જાણે કે પડીકે બંધાયા હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. માગશર માસ દરમ્યાન વારંવાર વાતાવરણમાં પલટો આવતા કમોસમી વરસાદની સંભાવના વચ્ચે ખેડુતોના જીવ અધ્ધરતાલ થઈ ગયા હતા. વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડીનો ચમકારો જોવા મળતા પ્રજાજનોને હવે સ્વેટર, ટોપી, સ્કાર્ફ પહેરવાની ફરજ પડી હતી. આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# ડીસામાં વ્યાજખોરના ત્રાસથી યુવકનો આપઘાતનો પ્રયાસ

ડીસા, તા. ૨૩

સમગ્ર દેશમાં નોટબંધીના અમલીકરણ બાદ વ્યાજથી નાણાં ધીરનારના ધધામાં ઓટ આવી છે.



તેમ છતાં કેટલાક માથાભારે ઈસમો બેરોકટોક ઊંચા વ્યાજે નાણા ધીરવાનું કામ કરે છે જેને લઈને અનેક જરૂરિયાતમંદ લોકો ના છૂટકે ઊંચા વ્યાજે નાણાં લેતા હોય છે અને બાદમાં તેમના રોષનો પણ ભોગ બનતા હોય છે.

આવી જ એક ઘટના ડીસા ખાતે બનવા પામી છે. જેમાં ડીસાના રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા અને મજૂરીકામ કરતા હિતેશ પોપટલાલ લોધાએ રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા ચીકુજી ઠાકોર પાસેથી ૧૦ હજાર વ્યાજે લીધા હતા. બાદમાં આ નાણાની ચીકુજી દ્વારા અવાર નવાર ઉઘરાણી કરવામાં આવતી હતી. એકાદ માસ પહેલા ચીકુજીએ હિતેશને ગાળો બોલી જાનથી મારી ધમકી આપતા ગભરાયેલા હિતેશે તારીખ ૨૨/૧૨/૧૯ના રોજ ગળે ફાસો ખાઈ જીવન ટૂંકાવાનો પ્રયાસ કરતા તેને તેના પરિવારજનો તાત્કાલિક ડીસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા જ્યાં સઘન સારવાર આપતા તેનો બચાવ થયો હતો. આ મામલે યુવકના પિતા પોપટલાલ લોધાએ ડીસા દક્ષિણ પોલિસ મથકે ફરિયાદ નોધાવતા દક્ષિણ પોલીસે ચીકુજી ઠાકોર વિરુદ્ધ કલમ ૨૯૪(૪) ૫૦૬(૨) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવના પગલે ચકચાર મચી જવા પામી છે.

# વડગામ લાલજી મામા માર્કેટયાર્ડના ચેરમેન પદે કે. પી. ચૌધરી આરૂઢ



વડગામ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વડગામના મીડ ટર્મ વિશ્વાસના મત અંગેની આજે મળેલી વ્યવસ્થાપક કમિટિની મીટીંગમાં શ્રી કેશરભાઈ પી.ચૌધરીએ વિશ્વાસનો મત મેળવી લીધો હતો.

શ્રી કે. પી. ચૌધરી દ્વારા માર્કેટયાર્ડના ચેરમેન તરીકેની ચૂંટણીમાં બીજી ટર્મમાં તેઓશ્રીએ મીડ ટર્મ વિશ્વાસનો મત મેળવીને ચેરમેન તરીકેની તેમની ખૂટતી મુદ્દત માટેની કામગીરી પુરી કરવાનો અધિકાર મેળવી લીધો છે.

તેઓશ્રીને આ પ્રસંગે વ્યવસ્થાપક કમિટીના સભ્યશ્રીઓ અને અનેક સ્નેહીઓ, મિત્રો અને શુભેચ્છકોએ શુભેચ્છા પાઠવી હતી.

# ટીંટોઈ ગામે ૭ વર્ષથી બંધ પાણીની ઓવરહેડ ટાંકી જર્જરિત

**ગ્રામજનોના માથે ભમતું મોત : ટાંકી ઉતારી લેવા ગ્રામજનોની માંગ**





અરવલ્લી જીલ્લામાં પાણી પુરવઠા વિભાગ અને ગ્રામ પંચાયત હસ્તકના અનેક વર્ષો જુના પાણીના ટાંકા જર્જરિત હાલતમાં પડવાના વાંકે ઉભા છે તેમ છતાં તંત્ર દ્વારા દરકાર લેવામાં ના આવતા જીલ્લામાં જર્જરિત ટાંકાને લઈ બોપલવાળી થવાની દહેશત વર્તાઈ રહી છે. મોડાસા તાલુકાના ટીંટોઈ ગ્રામ પંચાયત હસ્તકની ૫૦ વર્ષ જૂની જર્જરિત પાણીની ટાંકીથી આસપાસના રહીશો ભયના ઓથાર તળે નીચે જીવવા મજબુર બન્યા છે. ટીંટોઈ ગ્રામપંચાયતને ગામના જાગૃત નાગરિકોએ વારંવાર રજુઆત કરવા છતાં નઘરોળ ગ્રામ પંચાયતના સત્તાધીશો ટાંકી ઉતારવામાં આળસ દાખવતા અને ગ્રામ પંચાયત સરપંચની નબળી કામગીરી સામે લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

ટીંટોઈ ગામમાં છેલ્લા ૭ વર્ષથી બંધ અને સાવ જર્જરિત અવસ્થામાં મૂકાઈ ગયેલી ઓવરહેડ પાણીની ટાંકી જીવલેણ પુરવાર થાય તેવી શક્યતા છે. પાયાના સળીયા દેખાવા, ઈંટો અને સિમેન્ટ તૂટીને નીચે પડવા લાગતા ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જર્જરિત પાણીની આ ટાંકી સત્વરે ઉતારી લેવા માટે ગ્રામપંચાયતને પણ રજૂઆત કરાઈ છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ આ ટાંકી ૭ વર્ષથી બંધ હાલતમાં છે. ઓવરહેડ ટાંકીને અડીને રહેણાંક મકાનો આવેલા હોવાથી ગમે તે ઘડીએ મોટી જાનહાની થવાની દહેશત વચ્ચે લોકો ભયના ઓથાર નીચે જીવવા મજબુર બન્યા છે આજુબાજુના રહીશોના જણાવ્યા અનુસાર પાણીની ટાંકી પાયામાંથી સાવ ખવાઈ ગઈ છે. તેના પોપડાઓ અવારનવાર પડયા કરતા હોય છે. છેલ્લા ૭ વર્ષથી પાણીની ટાંકી બીનઉપયોગ છે. તેમજ ભવિષ્યમાં મોટી હોનારત સર્જે તેવી શક્યતા ગ્રામજનો સેવી રહ્યા છે. જર્જરિત પાણીની ટાંકી ઉતારી લેવામાં આળસ દાખવનાર ટીંટોઈ ગ્રામ પંચાયત સામે લોકોમાં રોષ ભભૂકી રહ્યો છે અને સત્વરે આ પાણીની ટાંકી ઉતારી દેવાની માંગણી કરી છે. જર્જરિત ટાંકીથી જાનહાની થશેતો તેની જવાબદારી ટીંટોઈ ગ્રામ પંચાયતની બનશે તેવું રહીશોએ જણાવ્યું હતું.

# રાજ્યમાં ૨૦૧૯માં ઔદ્યોગિક અકસ્માતો અને મૃત્યુ આંકમાં ૨૦ ટકાનો ઘટાડો

**સલામતિના ધોરણોના પાલનને કારણે પરિણામો મળ્યા છે : વિપુલ મિત્રા**

ગાંધીનગર, તા. ૨૩

ઉદ્યોગોમાં સલામતિના ધોરણોનુ પાલન કરાવવા માટેના રાજ્ય સરકારના ખાત્રીપૂર્વકના બહૂપાંખીયા પ્રયાસોના ફળ મળી રહ્યા હોય તેમ જણાય છે. અધિકૃત આંકડા પરથી જાણવા મળ્યું છે કે ચાલુ વર્ષે રાજ્યમાં ઔદ્યોગિક અકસ્માતો તથા તેને કારણે થતા મોતનુ પ્રમાણ ૨૦ ટકા જેટલુ ઘટ્યું છે. ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના નેજા હેઠળ કામ કરતા ડાયરેક્ટર ઓફ ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ (ડૈંજીઉઁ) તરફથી બહાર પાડવામાં આવેલા આંકડા જણાવે છે કે રાજ્યમાં જાન્યુઆરીથી નવેમ્બર-૨૦૧૮ વચ્ચે ૨૧૩ ઔદ્યોગિક અકસ્માતો બન્યા હતા. વર્ષ ૨૦૧૯ના ૧૧ માસના સમાન ગાળામાં ૧૬૮ અકસ્માતો થયા છે.

આવા અકસ્માતોને કારણે જાન્યુઆરીથી નવેમ્બર-૨૦૧૮ વચ્ચે થયેલા મોતનો આંક ૨૨૯ હતો તે સામે વર્ષ ૨૦૧૯ના ૧૧ માસના સમાન ગાળામાં મોતની સંખ્યા ઘટીને ૧૮૫ થઈ છે. ગુજરાત રાજયના શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા ઔદ્યોગિક અકસ્માતો અને તેના કારણે થયેલા મોતની સંખ્યામાં ઘટાડા માટે જાગૃતિના સ્તરમાં વધારો તથા સલામતિના ધોરણોના બહેતર પાલનને જવાબદાર ગણાવે છે.

વિપુલ મિત્રા જણાવે છે કે "અમે ફેકટરીઓમાં અને બાંધકામના સ્થળોએ ઝીરો અકસ્માતનુ ધ્યેય માટે પગલાં લઈ રહ્યા છીએ અને અમે ઉદ્યોગો તેમજ કામદારોમાં માર્ગરેખાઓ અને પ્રોટોકોલને અનુસરવા માટે જાગૃતિ પેદા કરી રહ્યા છીએ. જયાં સુધી સલામતિને સંબંધ છે, અમે તેમાં ચૂક દાખવનાર તથા કામના સ્થળે સલામતિની બાબતને હળવાશથી લેનાર સામે સામે કડક પગલાં લેવાનુ શરૂ કર્યુ છે."

શ્રમ અને રોજગાર વિભાગે ઔદ્યોગિક સલામતિ વધે તે હેતુથી આરોગ્ય અને સલામતિ માટેનાં પગલાં સૂચવવા માટે એક નિષ્ણાત સમિતીની રચના પણ કરી છે.

તેમણે જણાવ્યું કે "અમે અન્ય સરકારી વિભાગો તથા એજન્સીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને ઉદ્યોગો સાથે મળીને ઘનિષ્ટ રીતે વ્યાપક જાણકારી અને સલામતિનાં ધોરણોના પાલન માટે ખાત્રી રાખી રહ્યા છીએ. અમે નિયમિતપણે સમીક્ષા બેઠકોનુ આયોજન કરીને થયેલી પ્રગતિની સમીક્ષા કરીએ છીએ કે જેથી સલામતિના ધોરણોના પાલનમાં કઈ રીતે સુધારો લાવી શકાય તે બાબતે ધ્યાન આપી શકાય."

# પાલનપુર માલણ દરવાજા ડમ્પિંગ સાઈડ પાસે ગાયના મોત

**જંતુનાશક દવા યુક્ત પદાર્થ ખાતા દશેક ગાયના મોતથી જીવદયાપ્રેમીઓમાં રોષ**

પાલનપુર શહેરના માલણ દરવાજા ડમ્પિંગ સાઈડ પાસે જંતુનાશક દવા યુક્ત પદાર્થ ખાઈ જતા દશેક ગાયના મોત નિપજતા જીવદયાપ્રેમીઓમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી હતી.

પાલનપુર શહેરના માલણ દરવાજા પાસે ઘન કચરાના નિકાલની પાલિકાની ડમ્પિંગ સાઈડ આવેલી છે. જે ડમ્પિંગ સાઈડમાં કચરાના ઢગ પર ચરવા ગયેલી દશથી વધુ ગાયોને ઝેરની અસર થતા તેઓ તરફડીયા મારતી મોતને ભેટી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

માલણ દરવાજા પાસેની ડમ્પિંગ સાઈડ પર ચરવા આવેલી ગાયો ઝેરી પદાર્થ ખાઈ જતા મોતને ભેટી હતી. જેમાં કોઈ ઈસમ દ્વારા મૃત મરઘાં નાખી તેના પર જંતુનાશક ઝેરી દવા છાંટવામાં આવી હતી. જેને પગલે ગાયો અહીં ચરવા જતા તેઓના ચરવામાં જંતુ નાશક ઝેરી દવા આવી જતા દશથી વધુ ગાય તરફડીયા મારતી ડમ્પિંગ સાઈડથી રબારીવાસ સુધીના રસ્તામાં મોતને ભેટેલી જોવા મળી હતી.

# ઝારખંડના પરિણામોને વધાવી આતશબાજી કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરી નજીક આજે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઝારખંડના ચૂંટણી પરિણામોને વધાવી આતશબાજી યોજવામાં આવી હતી. જિલ્લાના પ્રભારી વંદનાબેન પટેલની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયતના સભ્યો અને કોંગી કાર્યકરોએ સાંજે ૪.૩૦ કલાકે આ આતશબાજી કરી હતી. આ આતશબાજી પછી ગાંધીનગર તાલુકાના આગેવાનોની પણ બેઠક પ્રભારી વંદનાબેન પટેલની ઉપસ્થિતિમાં મળી હતી જેમાં પક્ષના સંગઠ્ઠન અંગેની ચર્ચાઓ કરાઈ હતી.

# તીડનું ટોળું

● અનુસંધાન પહેલાનું ચાલુ

આગળ વધી રહ્યું છે. જેના કારણે ખેડૂતો પર વધુ એક આફત આવી છે. ખાસ કરીને તીડના આક્રમણના કારણે લાખો હેક્ટરમાં ફેલાયેલા એરંડા, રાયડો, કપાસ, ઘઉ, વરિયાલી સહિતના પાકોને નુકસાન થયું છે. તીડના આક્રમણથી બનાસકાંઠાના ૯ તાલુકાના ૭૭ ગામ પ્રભાવિત છે. છેલ્લા ૧૦ દિવસથી કરોડોની સંખ્યામાં તીડ ગુજરાતના ત્રણ જિલ્લાના અનેક ગામોમાં નુકસાન કરી રહ્યાં છે. ત્યારે ગ્રામીણ વિસ્તારોમાં ખેડુતો પોતપોતાના ખેતરમાં જઈ ઘર કામના વાસણો વગાડીને અને ધૂમાડો કરીને તીડને ભગાડવાની કોશિશ કરી રહ્યાં છે. પરંતુ તેમછતાં તીડનું આક્રમણ સતત જારી રહેતાં તંત્રની સાથે સાથે ખેડૂતો ચિંતામાં ગરકાવ બન્યા છે અને તીડના આક્રમણને નાથવા તાત્કાલિક અસરકારક પગલાં લેવા માંગણી કરી રહ્યા છે.

# પછટાડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નેતાઓનો આભાર માન્યો હતો. ચાલુ પત્રકાર પરિષદ વખતે જેએમએમના કાર્યકરોએ ભારે આતશબાજી કરીને જીતની ઉજવણી કરી હતી. અને સોરેનને પોતાનું સંબોધન પણ અટકાવવું પડ્યું હતું. આ ચૂંટણીમાં ભાજપના નેતાઓએ હિન્દુત્વ,રામ મંદિર અને રાષ્ટ્રવાદના મુદ્દાઓ પર પ્રજા સમક્ષ રજૂ કર્યા હતા પરંતુ તેની કોઈ અસર થઈ હોય તેમ નથી લાગતુ. બીજી તરફ સોરેન અને સાથી પક્ષોએ ઝારખંડના સ્થાનિક મુદ્દાઓ તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું હતુ.

ઝારખંડ વિધાનસભાની ૮૧ બેઠકો પરના આજે સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ હતી. જેમાં શરૂઆતમાં ભાજપ અને તેના સાથી પક્ષો આગળ નિકળતાં ભાજપ સરકાર બનાવે તેવું ચિત્ર ઉપસ્યું હતું. જો કે જેમ જેમ મત ગણતરી આગળ વધતી ગઈ તેમ તેમ ભાજપ પાછળ અને ઝારખંડ મુક્તિ મોરચો(જેએમએમ) , કોંગ્રેસ અને આરજેડીના ગઠબંધનની તરફેણમાં મતદારોનો ઝોક સ્પષ્ટ થતાં સત્તાપક્ષ ભારતીય જનતા પાર્ટીને આંચકો મળ્યો હતો. જો કે સાંજ સુધીનાં વલણના આધારે રાજકિય ચિત્ર બન્યું કે ભાજપ આજસુ સહિત અન્ય પક્ષો સાતે સરકાર બનાવી શકે ટલી બેઠકો મેળવવાથી દૂર છે અને જેએમએમ સહિતના પક્ષોએ ૪૪ બેઠકોમાં ઝોક સાથે બહુમતીનો ૪૧નો આંકડો પાર કરી ગયા હતા. છે. નવા મુખ્યમંત્રી તરીકે જેએમએમના હેંમત સોરેનનું નામ નક્કી મનાય છે. તેઓ આ અગાઉ પણ ઝારખંડના સીએમ રહી ચૂક્યા છે.

નક્સલવાદના ઓછાયા વચ્ચે યોજાયેલી આ ચૂંટણીમાં ભાજપ તરફથી સ્ટાર પ્રચારક વડાપ્રધાન નરેન્દ્ર મોદી, પક્ષના અધ્યક્ષ અમિત શાહ સહિતના નેતાઓએ પ્રચાર કર્યો હતો. કોંગ્રેસના રાહુલ ગાંધી સહિતના નેતાઓએ પ્રચારનો દૌર સંભાળ્યો હતો. આ ચૂંટણી દરમિયાન નાગરિકતા બિલ સહિતની બાબતો દેશભરમાં ચર્ચામાં આવી હતી. જોકે, સ્થાનિક પરિબળો મતદારોના નિર્ણય પર પ્રભાવી રહ્યાનું મનાય છે.

# ભિલોડા તાલુકાના ગામોમાં ધાબળાનું વિતરણ કરાયું



ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના બેડાસણ, કિશનગઢ, મલાસા, સિયાસણ વિસ્તારમાં શ્રી વસ્ત્રાપુર લેક સિનિયર સિટીઝન સેવા મંડળ, અમદાવાદ ધ્વારા ધાબળાનું વિતરણ કરાયું હતું. જરૂરીયાતમંદ પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી. બેડાસણ પ્રાથમીક શાળામાં ૪૦૦ ધાબળાઓનું વિતરણ કરાયું હતું. શિયાળાની ફુલગુલાબી કડકડતી ઠંડીમાં રક્ષણ મળી રહે તેવા ઉદ્દેશથી ઉદય સેવા સંસ્થાન,ભિલોડાના સહયોગથી ધાબળા વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જયકૃષ્ણ હરાણી, સુધીર શાહ, જીતેન્દ્ર ગાંધી, જીતેન્દ્ર ભાટીયા, બિપીન પ્રજાપતિ, રાજેન્દ્ર પટેલ, વલ્કેશ પટેલ, ગિરીશ પ્રજાપતિ, બેડાસણ પ્રાથમીક શાળા આચાર્ય, સ્ટાફ પરીવારએ ધાબળા વિતરણ કાર્યક્રમ દરમ્યાન સુંદર વ્યવસ્થા કરતા આનંદની લાગણી પ્રસરી હતી.

# હિંમતનગરમાં કોંગ્રેસ દ્વારા સંવાદ કાર્યક્રમ યોજાશે

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસનુ સંગઠન નિષ્ક્રિય બની રહ્યુ છે. ત્યારે તેને ફરીથી જીવંત કરવાના આશયથી તથા હિંમતનગર તાલુકાના કોંગ્રેસના કાર્યકરો સાથે સંપર્ક કરી વિચારવિમર્શ કરવાના આશયથી મંગળવારે દસ વાગ્યે હિંમતનગરના સહકારજીન રોડ પર કોટન માર્કેટની બાજુમાં આવેલ મોડાસીયા કડવા પાટીદાર સમાજવાડી ખાતે તાલુકાના સંવાદ કાર્યક્રમનું આયોજન કરાયુ છે. આ અંગે હિંમતનગર શહેર અને તાલુકા સમિતિના અગ્રણી સુરેશભાઈ પટેલ તથા ઈશ્વરભાઈ દેસાઈના જણાવાયા મુજબ મંગળવારે યોજાનાર સંવાદ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા, નિરીક્ષક ગોવાભાઈ રબારી, બાબુજી ઠાકોર સહીત હિંમતનગર વિધાનસભા બેઠકના પૂર્વ ઉમેદવારો તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીઓ, મહીલાઓ અને સેવાદળના કાર્યકરો ઉપસ્થિત રહેશે.

# અંબાજી નજીક ત્રિશુળીયા ઘાટ પર કાર પલટી : પાંચનો આબાદ બચાવ

અંબાજી, તા. ૨૩

દાંતા અંબાજી પહાડી માર્ગને ફોરલેન કરવાની કામગીરી પાછલા કેટલાંક મહિનાઓથી ચાલી રહી છે. આ મહિનાની શરૂઆતથી અહીં કામગીરીને પગલે વાહનવ્યવહાર ડાયવર્ટ કરાયો છે. વાહનવ્યવહાર બંધ હોવા છતાં અહીંથી પસાર થતી એક કાર શનિવારની મોડી સાંજે પલટી ગઈ હતી. તેમાં પાંચ લોકો સવાર હતા. સદનસીબે તમામનો આબાદ બચાવ થયો હતો. લોકો જીવના જોખમે ત્રિશુળીયા ઘાટથી પસાર થઈને જાહેરનામાનો ભંગ કરી રહ્યા છે.

૧ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમિયાન દાંતાથી અંબાજીને જોડતા માર્ગને બંધ કરીને વાહનવ્યવહારને ડાયવર્ટ કરી દેવાયો છે. પાલનપુરથી અંબાજી જતાં લોકોને ચિત્રાસણી-બાલારામ વિરમપુર થઈ અંબાજી જવું પડશે. જ્યારે દાંતાથી પસાર થતાં લોકોને સનાલી-હડાદ માર્ગ થઈ અંબાજી પહોંચી શકાશે. જ્યારે અમદાવાદથી અંબાજી જતાં ભક્તો હિંમતનગર ખેડબ્રહ્મા થઈ મહેસાણાથી અંબાજી જતા ભક્તો પાલનપુર વિરમપુર થઈ અંબાજી જઈ શકશે. છતાં લોકો જીવના જોખમે અહીંથી નીકળતા જોવા મળ્યા છે.

યાત્રાધામ અંબાજીમાં ગુજરાત ભરથી ભાવિક ભક્તો દર્શનાર્થે આવતા હોય છે. યાત્રાળુઓના ટ્રાફિકને ધ્યાને લઈ તંત્ર દ્વારા અંબાજીને જોડતા દાંતા અંબાજી માર્ગને ફોરલેન બનાવવાની કામગીરી ચાલી રહી છે. ત્રિશુળીયા ઘાટના માર્ગને ફોરલેન કરવા પહાડો પર બ્લાસ્ટ કરવામાં આવનાર છે. તેવા સમયે કોઈ જાનહાની ન થાય તેને ધ્યાને લઈ ત્રિશુળીયા ઘાટના માર્ગને એક મહિના માટે બંધ કરી દેવાયો છે. યાત્રિકો તેમજ વાહન ચાલકોની સલામતી ધ્યાનમાં રાખીને આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

# ઠંડીની આગાહી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હિમાચલપ્રદેશ અને કાશ્મીરમાં હિમવર્ષાની સાથે સાથે છત્તિસગઢમાં કેટલીક જગ્યાએ હિમવર્ષા થઈ શકે છે. વાહન વ્યવહારને હાલમાં અસર થઈ રહી છે.ઉત્તરપ્રદેશ અને પંજાબમાં ધુમ્મસની સૌથી ખરાબ અસર થઈ છે. વિમાની અને ટ્રેન સેવાને અસર થઈ છે. કેટલીક લાંબા અંતરની ટ્રેન પણ મોડેથી દોડી રહી છે. રેલવે સ્ટેશન પર યાત્રી બેહાલ બન્યા છે. એક તરફ ધુમ્મસ અને બીજી તરફ ઠંડીમાં વધારાના કારણે લોકોને લાંબા સમય સુધી ઠંડીમાં ઠુઠવાઈને પણ ટ્રેનની રાહ જોવી પડી છે. મોટા ભાગના રાજ્યોમાં પારો ગગડી ગયો છે. મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન સહિતના મેદાની રાજ્યોમાં તીવ્ર ઠંડી પડી રહી છે. કાશ્મીરમા અવિરત ભારે હિમવર્ષાના કારણે સતત વિમાની સેવાને અસર થઈ રહી છે. પ્રતિકુળ હવામાનની સ્થિતીના કારણે શ્રીનગર-જમ્મુ રાજમાર્ગની સાથે સાથે વાહન વ્યવહાર પર માઠી અસર થઈ રહીછે. જમ્મુના વૈષ્ણોદેવી વિસ્તારમાં પણ સિઝનમાં પ્રથમ વખત હિમવર્ષા થઈ છે. ગંગોત્રી અને યમનોત્રી ધાર્મિક વિસ્તારમાં છ ઈંચ સધી બરફ પડતા ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. હવામાનમાં આવેલા પલટા વચ્ચે છેલ્લા ઘણા દિવસથી ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. ભારે ધુમ્મસના કારણે અનેક વિસ્તારોમાં વિજિબીલીટીમાં ભારે ઘટાડો થવા પામ્યો છે.

આ સાથે જ સતત છવાયેલા ધુમ્મસના પગલે ઉત્તર ભારતમાં શ્રેણીબદ્ધ ટ્રેનો તેના નિર્ધારિત સમયથી મોડી ચાલી રહી છે. અનેક ટ્રેનોના સમય બદલવામાં આવ્યા છે .કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. હિમાચલ, જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ રહી છે. કેદારનાથમાં પણ ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. ાાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ઠંડીમાં હાલ કોઈ ફેરફાર થાય તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે.